Extra No. 144

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] FRIDAY, MAY 29, 2026 / JYAISTHA 8, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા
જાહેરનામું

નં.એમએજી/જાહેરનામું/વશી/૨૭૬/૨૦૨૬-નાયબ પશુપાલન નિયામકશ્રી, અરવલ્લી જિલ્લા પંચાયત, અરવલ્લી-મોડાસાનઓએ પત્ર ક્રમાંક: DPARV/0517/2026, તા.20/05/2026 થી ઉદર પકડવાની જાળ (ગ્લુ ટ્રેપગ્લુ બોર્ડ)ના ઉત્પાદન, વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા અત્રેની કચેરીએ. દરખાસ્ત કરેલ છે. જે મુજબ નામ. ગુજરાત હાઇકોર્ટમાં થયેલ Writ Petition (PIL) 28/2024 ની તા. ૨૪/૦૪/૨૦૨૬ની સુનાવણીના ઓરલ ઓર્ડર તથા ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ ગાંધીનગરના પત્ર "ક્રમાંક: ગુ.પ્રા.ક.બો./પ્રાશા/કટમ/૧૦૭(૮૫)/૧૯૯૫-૨૦૯૬/૨૦૨૬, તા.૦૨/૦૫/૨૦૨૬ થી ઉદર પકડવાની જાળ (ગ્લુ ટ્રેપ/ગ્લુ બોર્ડાના ઉત્પાદન, વેચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ કરવા સુચના આપવામાં આવેલ છે. તેમજ પ્રાણી કુરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ ની કલમ-૧૧ મુજબ કોઈપણ પ્રાણીની બિનજરૂરી પીડા, વેદના ન આપવા. અંગે જોગવાઈ થયેલ છે.

સબબ, પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણા કરતા અત્રેના અરવલ્લી જિલ્લામાં ઉદર પકડવાની જાળ(ગ્લુ ટ્રેપ ગ્લુ બોડાના ઉત્પાદન, વૈચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવું યોગ્ય જણાય છે.

વાસ્તે, હું ડી.વી.મકવાણા, (જી.એ.એસ), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર અરવલ્લી જિલ્લામાં ઉદર પકડવાની જાળ(ગ્લુટેપ)ના ઉત્પાદન, વેંચાણ તથા ઉપયોગ પર પ્રતિબંધ મુકવા આદેશ કરૂ છું.”

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓનો અધિકૃત કરવામાં આવે છે."

આ જાહેરનામુ પ્રસિધ્ધિ તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આજ ૨૨મી મે, ૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી મોડાસા

Government Press & Stationery, Vadodara.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.25 18:14:28 IST